DAY — **13** SEAT NUMBER | | | | | | |

2025	II	28	1100	J-344	(G)

TEXTILES (44)

Time : 3 Hrs. **(7 Pages)** **Max. Marks : 70**

સૂચનાઓ : *(૧) બધાજ પ્રશ્નો ફરજિયાત છે.*

(૨) જ્યાં જરૂરી હોય ત્યાં સ્વચ્છ અને નામાંકિત આકૃતિઓ દોરવી.

(૩) જમણી બાજુના અંકો પૂર્ણ ગુણ દર્શાવે છે.

(૪) દરેક નવા પ્રશ્નનો ઉત્તર નવા પાનાથી શરૂ કરવો.

પ્ર.૧. (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો : (૬) **[૧૮]**

(૧) જલઅવરોધક પરિસજ્જતા દેવામાં આવે છે .....

(અ) ગાલીચા

(બ) રેનકોટ

(ક) ધાબળો

(૨) આ નૈસર્ગિક રંગ જેના માટે ભારત જગપ્રસિદ્ધ છે .....

(અ) સલ્ફર રંગ

(બ) મડર (Mudder)

(ક) ઇંડિગો

(૩) શુષ્ક સફાઈ (Dry Cleaning) શોષક છે .....

(અ) સ્ટાર્ચ

(બ) મીઠું

(ક) કાદવ

(૪) રેખા જે ઊંચાઈનો આભાસ કરાવે છે .....

(અ) ઊભી

(બ) આડી

(ક) ત્રાંસી

(૫) આ તાંતણાને ડાયમંડ તાંતણો પણ કહેવાય છે .....

(અ) અંગોરા

(બ) મોહેર

(ક) વ્હિકુના

(૬) આ વિશિષ્ટ વણાટકામ છે .....

(અ) સાદુ વણાટ

(બ) હનીકોમ્બ

(ક) સાટિન

(બ) 'અ' અને 'બ' જૂથમાંથી યોગ્ય જોડકાં જોડો : (૬)

'અ' જૂથ	'બ' જૂથ
(અ) હૉગેટ ઊન	(૧) ઉત્તમ દરજ્જાનું ઊન
(બ) રેઑનનું બીજું નામ	(૨) પૉલિએસ્ટર
(ક) સાદું વણાટ	(૩) કૃત્રિમ રેશમ
(ડ) ઝેફૉન	(૪) ૨ હારનેસ
(ઇ) GFRC	(૫) મરેલું ઘેટું
(ફ) મેરીનો ઊન	(૬) ૧૨ થી ૧૪ મહિનાનું ઘેટું
	(૭) મકાન નિર્માણ

(ક) નિર્દેશન પ્રમાણે કરો : (૬)

(૧) કકૂનની અંદર રહેલ રેશમનાં કીડાનું નામ.

(૨) નીચે આપેલ વાક્ય ખરું છે કે ખોટું તે જણાવો :
વ્હિકુના સૌથી મોંઘું ઊન છે.

(૩) રેખાંકિત શબ્દને સાચી રીતે લખો :
<u>લ્સ નો ઈ</u> ટૂંકા ઊનનાં તાંતણા છે.

(૪) વાક્ય પૂર્ણ કરો :
બાટિક રંગાઈની પ્રક્રિયામાં પ્રતિરોધકનું કામ
કરવાવાળો પદાર્થ .....

(૫) હું કોણ ?
હું કળાનું મુખ્ય તત્ત્વ છું જે ડિઝાઈનમાં ધ્યાન આકર્ષિત કરું છું.

(૬) પ્રથમ જોડીને ધ્યાનમાં રાખી બીજી જોડી પૂર્ણ કરો :
સ્થાયી સંસ્કરણ : મર્સરાયઝેશન : અસ્થાયી સંસ્કરણ : .....

પ્ર. ૨. (અ) નિમ્નલિખિત કોઈપણ <u>છ</u> પ્રશ્નના ઉત્તર લખો : (૧૨)**[૧૬]**

(૧) નીચે આપેલ વાક્ય સાચું છે કે ખોટું તે કારણ સહિત જણાવો.
તાણા, વાણા કરતાં વધારે મજબુત હોય છે.

(૨) ફેશનની વ્યાખ્યા લખો.

(૩) ભીનું કાંતણ સ્પષ્ટ કરો.

(૪) રેશમ કપડાને સંભાળપૂર્વક ધોવા પડે છે. કારણ જણાવો.

(૫) તફાવત લખો : રંગવું અને છપાઈ

(૬) વેદર ઊન સ્પષ્ટ કરો.

(૭) વ્હિકુના વિશે સંક્ષિપ્તમાં લખો.

(બ) ટૂંકમાં ઉત્તર લખો (કોઈપણ બે) : (૪)

(૧) જંગલી રેશમ

(૨) કાંચ તંતુનો ઉપયોગ

(૩) ઊનનાં તંતુનાં જૈવિક ગુણધર્મ

પ્ર. ૩. (અ) કોઈપણ ચાર પ્રશ્નના ઉત્તર લખો : (૧૨)**[૧૮]**

(૧) ઊનનાં કોઈપણ ત્રણ ભૌતિક ગુણધર્મ જણાવો.

(૨) સંતુલન સમજાવો અને સંતુલનનાં પ્રકાર જણાવો.

(૩) ચિત્ર ઓળખો અને સ્પષ્ટ કરો :



(૪) નાયલૉન તાંતણાના ઉપયોગ જણાવો.

(૫) નિર્જલ ધોલાઇ પંપ સ્પષ્ટ કરો.

(બ) ટૂંકનોંધ લખો (કોઈપણ બે) : (૬)

(૧) વિસ્કસ રેયૉન તાંતણાનો ઉપયોગ

(૨) રંગ સંગતીની વ્યાખ્યા લખી કોઈપણ બે પ્રકારની રંગ સંગતીઓ સ્પષ્ટ કરો.

(૩) તખ્તો પૂર્ણ કરી 'બ્રશિંગ' સંસ્કરણ પ્રક્રિયા સ્પષ્ટ કરો.



પ્ર. ૪. નિમ્નલિખિત પ્રશ્નોના ઉત્તર લખો : **[૧૮]**

(૧) નીચે આપેલ પૉલિએસ્ટરનાં ગુણધર્મ સમજાવો. (૬)

(i) ભૌતિક ગુણધર્મ (કોઈપણ ચાર) (૪)

(ii) જૈવિક (Biological) ગુણધર્મ (૨)

અથવા

(i) વણાટ કામની (weaving) ની વ્યાખ્યા લખો. (૧) (૬)

(ii) સાળ (loom) નાં વિવિધ ભાગ સ્પષ્ટ કરો. (૫)

(૨) (i) સેરીકલ્ચર એટલે શું ? (૧) (૬)

(ii) રેશમનાં કીડાનું જીવનચક્ર સ્પષ્ટ કરો. (૫)

અથવા

(i) સંસ્કરણ પ્રક્રિયાનાં ઉદ્દિષ્ટ સ્પષ્ટ કરો. (૪) (૬)

(ii) મૂળભૂત સંસ્કરણ અને ઉપયોગિતા મૂલ્ય વધારનારા સંસ્કરણ સ્પષ્ટ કરો. (૨)

(૩) નિમ્નલિખિત ભારત દેશનાં પારંપરિક વસ્ત્ર છપાઇ વિશે વિસ્તારપૂર્વક લખો : (૬)

(i) કલમકારી

(ii) દાબૂ

(iii) બાગ

અથવા

નીચે આપેલ ગદ્યને વાંચી આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (૬)

સાબુ એ ચરબીયુક્ત આમ્લ તથા ક્ષારથી તૈયાર થયેલ પદાર્થ છે. સાબુના વિવિધ પ્રકાર છે, જેમ કે - તટસ્થ સાબુ એક પ્રાકૃતિક ડિટર્જંટ છે, જે અમુક વૃક્ષનાં સૂકા કે રસવાળા ફળ હોય છે. પહેલાનાં વખતથી આ વૃક્ષના ફળનો ઉપયોગ સફાઇ કરવા માટે થાય છે. ઊન અને રેશમનાં કપડાની સફાઇ માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદા. અરીઠા, તેનો ઉપયોગ શેમ્પુ તરીકે વાળ ધોવા માટે પણ કરવામાં આવે છે. બિલ્ટ સાબુમાં વધારે ક્ષાર અને સાબુનું મિક્સચર હોય છે. જેનો ઉપયોગ સુતરાઉ અને લિનન માટે કરવામાં આવે છે. બીજા તાંતણા આ સાબુને સહન કરી

શકતા નથી, કારણ કે તેમાં ક્ષારની માત્રા વધારે છે. આ સાબુની ધુલાઈની ક્ષમતા સામાન્ય સાબુ કરતાં વધારે છે. કઠોર સાબુ કડક હોય છે અને પાણીમાં ઓછો ઓગળે છે. આમાં સરળતાથી ફીણ નથી આવતું તેથી ધુલાઈમાં વધારે શ્રમ અને સમય લાગે છે. ઉદા. સોડિયમ સાબુ.

(૧) સાબુ એટલે શું ? (૧)

(૨) સાબુના વિવિધ પ્રકારનાં નામ લખો. (૨)

(૩) શેમ્પુ તરીકે કયા સાબુનો ઉપયોગ થાય છે ? (૧)

(૪) આપના કપડાની ધુલાઇ માટે તમને કયો સાબુ ગમશે ?

કઠોર કે મૃદુ ? સ્પષ્ટ કરો. (૨)

◆◆◆